# India-Kazakhstan Foreign Office Consultations

November 17, 2020

## ભારત-કઝાખસ્તાન વિદેશ કચેરીનાં પરામર્શો

નવેમ્બર 17, 2020

ભારત અને કઝાખસ્તાન વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શો (FoC) નો 7મો રાઉન્ડ 17 નવેમ્બર 2020 નાં રોજ વિડીયો-કોન્ફરન્સ મારફત યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પશ્ચિમ) શ્રી વિકાસ સ્વરૂપ દ્વારા અને કઝાખ પક્ષની આગોવાની કઝાખસ્તાન ગણરાજ્યનાં પ્રથમ ઉપ વિદેશ મંત્રી મહામહિમ શ્રી શાખરાત નુરીશેવ દ્વારા કરવામાં આવી હતી.

આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ તેઓની વ્યૂહાત્મક ભાગીદારીનાં ફ્રેમવર્કની અંદર દ્વિપક્ષીય સહકારની સમગ્ર બાબતોની સમીક્ષા કરી હતી. આ પરામર્શોમાં રાજકીય, આર્થિક અને વાણિજ્યીક, ઊર્જા, સંરક્ષણ, અવકાશ, રાજદ્વારી અને સાંસ્કૃતિક બાબતો આવરી લેવામાં આવી હતી. તેઓએ કોવિડ-19 મહામારીનો સામનો કરવા પર દ્રષ્ટિકોણો અને અનુભવોની આપ-લે કરી હતી.

બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું અને 2021-22 સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતનાં આગામી વલણ સહિત બહુપક્ષીય મંચમાં સહકાર સુધારવા સંમત થયા હતા.

તાજેતરનાં ભારત-મધ્ય એશિયા સંવાદ દરમિયાન વિદેશ મંત્રી દ્વારા જાહેર કરવામાં આવ્યા અનુસાર, બન્ને પક્ષો વચ્ચે "કઝાખસ્તાનમાં ઉચ્ચ પ્રભાવક સમુદાયનાં વિકાસની પરિયોજનાઓનાં અમલીકરણ માટે ભારતીય અનુદાનની સહાયતા" પર એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા જે FoC સાથે થવાનાં સંજોગનું નિર્માણ થયું હતું.

મૈત્રીપૂર્ણ અને સૌમ્ય વાતાવરણમાં વાર્તાલાપો યોજાયા હતા. પારસ્પરિક રીતે સાનુકૂળ તારીખ પર ભૌતિક સ્વરૂપમાં આગામી પરામર્શો યોજવા સંમતિ થઇ હતી.

**નવી દિલ્હી**
**નવેમ્બર 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.